C·S. (M) 2013

**A-BRL-M-HVKC**

# GUJARATI

## ( COMPULSORY )

| Time allowed : **Three** Hours | Maximum Marks : **300** |
|---|---|

### Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*All questions are to be attempted.*

*The number of marks carried by a question is indicated against it.*

*Answers must be written in **GUJARATI** unless otherwise directed in the question.*

*Word limit in questions, wherever specified, should be adhered to and if answered in much longer or shorter than the prescribed length, marks may be deducted.*

*Any page or portion of the page left blank in the answer book must be clearly struck off.*

**Q1.** **નીચેના બંને વિષયો પર લગભગ 300 શબ્દોમાં નિબંધ લખો.** ***50×2=100***

(અ) આપણે કર્મમાં જીવીએ છીએ, વર્ષોમાં નહીં

(બ) સમયસરના ન્યાય વિના કોઈ સમાજ ટકી ન શકે

**Q2.** નીચેનો ગદ્યખંડ કાળજીપૂર્વક વાંચી તેને અંતે આપેલા પ્રશ્નોના મુદ્દાસર, સંક્ષિપ્ત અને સચોટ ઉત્તરો આપો. *10×6=60*

પત્રકારોના મતભેદ સત્તાધારીઓ માટે રાહતનો સ્રોત છે, અર્થાત્ પત્રકારત્વનો અવાજ મતમતાંતરોમાં નિર્બળ બને છે. સમાચારપત્રની અસરનું માપ સૌથી મોટી બૂમ દ્વારા કે તે સાંભળનાર શ્રોતાઓના વર્તુળના કદ પર આધારિત નથી. પત્રકારત્વની તાકાત આભાસી બાબત છે, અને તે સમાચારપત્રોના વેચાણથી વકરો રળનાર કે વિશાળતમ ફેલાવાની સફળતા સંપ્રાપ્ત કરનારાઓ સાથે સંકળાયેલ નથી.

સમાચારપત્રોની મર્યાદાઓ સમભાવપૂર્વક સ્વીકારનાર અને એની વ્યર્થતાઓને કેવી રીતે વખાણવી એ જાણનાર પ્રજા એને જે અંજલી આપે છે એ જ એનો ફેલાવો છે. સિનેમાની ટિકિટબારી પરની સફળતા સાથે તેને સરખાવી શકાય. ફિલ્મોની આકર્ષણશક્તિ તેના પ્રદર્શનમાં પ્રતિબિંબિત થતા વૈવિધ્ય પ્રમાણે બદલાય છે. ફિલ્મોની ધંધાદારી સફળતા તેની કળાત્મક માવજતની ઉત્કૃષ્ટતા કરતાં સાવ જુદી છે. કળાની શ્રેષ્ઠતાનું પરિશીલન કરવાની સજ્જતા ટોળાઓમાં નથી હોતી. એ એક એવી ક્ષમતા છે જે એવા ચુનંદા લોકો પૂરતી સીમિત છે જેમની સંખ્યા ઝાઝી નથી. સીમિત અલ્પ પ્રતિભાવંતોની પરિપૂર્ણતા અને સંખ્યાબંધ અપટુ લોકોની મનોરંજન અને પરિશીલનની શક્તિ વચ્ચે સંઘર્ષ રહેવાનો. આ દ્વિતીય વર્ગની સુધારણા સમાચારપત્રો અને ફિલ્મોના શૈક્ષણિક મિશનનું હાર્દ છે. બંને દ્વારા જે પ્રયાસ થાય છે તેની ભાત સમાન છે. સફળતા પ્રાપ્ત કરવાનાં પ્રલોભનો પણ સમાન છે.

(i) લેખક કઈ બે બાબતોની તુલના કરે છે ? *10*

(ii) સમાચારપત્રો પ્રત્યે સમભાવશીલ પ્રજા તેના પ્રત્યે કેવો પ્રતિભાવ આપે છે ? *10*

(iii) લેખક કઈ ક્ષમતાનો નિર્દેશ કરે છે ? *10*

(iv) લેખકના મતે સમાચારપત્રોનું મિશન શું હોવું જોઇએ ? *10*

(v) લેખક કયા લોકોનો સ્વીકાર કરતા નથી ? *10*

(vi) કઈ અસરો સમાચારપત્રની ગુણવત્તા વિશે ખોટું ચિત્ર પ્રસ્તુત કરી શકે છે ? *10*

Q3. નીચેના ગદ્યખંડનો એક તૃતીયાંશ ભાગમાં સંક્ષેપ કરો. શીર્ષક આપવું જરૂરી નથી. શબ્દ સંખ્યા વધી જશે તો ગુણાંક કપાશે. *60*

સમકાલીન વિશ્વમાં 'રાષ્ટ્ર' અને 'રાજય' ની વિભાવના વચ્ચે વ્યાપક ગેરસમજ પ્રવર્તે છે. 'રાજયો' ને વ્યાખ્યાયિત કરવા પ્રમાણમાં સરળ છે; તેઓ વિશ્વના રાજકીય સંગઠનનાં મૂળભૂત એકમો છે. તેમને ઘણીવાર સ્વાધીન રાજયો તરીકે ઓળખાવવામાં આવે છે. તેઓ સંયુક્ત રાષ્ટ્રસંઘમાં પોતાનું સ્થાન સંપ્રાપ્ત કરનાર એકમો છે. અંગ્રેજીમાં તેમને મુખ્યત્વે 'કન્ટ્રીઝ' (દેશો) કહેવામાં આવે છે. આપણે તેમને 'રાજયો' તરીકે ઓળખાવીએ તો તે વધારે અનુકૂળ રહેશે. પરંતુ કમનસીબે આ સંજ્ઞા કેટલાક દેશોના લઘુ એકમોને વર્ણવવા માટે પ્રયોજાય છે.

આધુનિક વિશ્વમાં સ્વાયત્તતાના અત્યંત પ્રવાહી સ્વભાવને કારણે દેશો અને સ્વાયત્ત રાજયોની સરખામણી કરવાની લાલચ થાય પણ તે ગેર માર્ગે દોરનાર છે. વાસ્તવમાં બધા દેશોએ તેમની સ્વાયત્તતા કેટલાક પ્રમાણમાં આંતર રાષ્ટ્રીય સંગઠનોને સમર્પિત કરી છે, પરંતુ આ સંગઠનો સંયુક્ત રાષ્ટ્રસંઘ તેનું ઉત્તમ ઉદાહરણ છે — તેમની સત્તા આ દેશો પાસેથી પ્રાપ્ત કરે છે, નહિ કે એથી ઉલટું. વિવિધ દેશો વચ્ચેના સંબંધોમાં સત્તા સંબંધો અને સમજૂતીઓની સંકુલ હારમાળા હોય છે. એક છેડે તે કેટલાક મોટા દેશોને વિશાળ સત્તા પ્રદાન કરે છે. બીજી બાજુ ઘણાં નાનાં રાજયો શક્તિશાળી પાડોશીઓ કે આંતર રાષ્ટ્રીય સંગઠનોની છત્રછાયા હેઠળ હોય છે અને તેમને માટે વાસ્તવમાં અનેક બાબતોમાં સ્વતંત્ર કામ કરવાનો કોઇ અવકાશ હોતો નથી.

મોટા ભાગનાં રાજયો પોતાને 'દેશો' તરીકે ઓળખાવે છે, તો પછી શા માટે આપણે મૂળભૂત રીતે રાજયો અને દેશોને સમાન ન ગણવાં ? આ શકય નથી, કેમ કે તેઓ ભિન્ન ભિન્ન ગોઠવણીના અર્ક છે. રાજય કાયદેસર હસ્તી છે, દેશ જનસમૂહ. પોતાની જાતને દેશ તરીકે ગણતા અર્વાચીન જનસમૂહો સામાન્યરીતે 'દેશ' ની સાથે રાજયનો દરજ્જો પણ પ્રાપ્ત કરવા ઇચ્છે છે. એવા દેશની પરિભાષા જે તેને તેની પોતાની રાજય તરીકે સત્તા ભોગવવા ખૂબ મર્યાદિત સત્તા આપતી હોય; મોટા ભાગના ટીકાકારો એ વાત સાથે સંમત થશે કે પૂર્વ સોવિયેત સંઘની મોટા ભાગની વસ્તીઓ જેવી કે જ્યોર્જિયનો, લીથુઆનિયનો અને યુક્રેનિયનો સ્વતંત્ર થયાં પૂર્વે દેશો હતી, અને રાજયો તરીકે પરિભાષિત જનસમૂહો જેવા કે સ્કોટલેન્ડ જે બહુમતીથી પોતાને દેશના દરજ્જા માટે યોગ્ય સમજે છે તેમને એ રીતે

સ્વીકારવાં જોઇએ. સહેજ જુદી રીતે વ્યક્ત થયેલ સ્વાયત્તતા કે સ્વતંત્રતાની અપેક્ષા પર્યાપ્ત છે. અર્વાચીન રાજયો સાથે ઉપરછલ્લું સામ્ય ધરાવતાં કેટલાંક રાષ્ટ્રો ખૂબ પ્રાચીન છે; વિશ્વના કેટલાક ભાગોમાં લાખો વર્ષ પુરાણા દેશો જેવાં કે ચીન, ભારત અને ઉષ્ણ કટીબંધ (મેડિટોરિયન) દેશો — આ પુરાણા સંગઠનો મૂળભૂત રીતે એવા વિસ્તારો હતા જે શાસન કરવા સક્ષમ હતાં. આ જૂનાં રજવાડાં અર્વાચીન રાજયો તરીકે વિકસ્યાં કે તેમાં ભળી ગયાં; મોટે ભાગે ધીમે ધીમે અને અર્વાચીન કાળમાં તેમનાં ચિહ્નો બળકટ રીતે બચી ગયાં છે. ઓસ્ટ્રોહંગેરિયન, રશિયન અને ઓટ્ટોમન સામ્રાજયો જે 1917 – 18 સુધી ટકયાં તે સ્પષ્ટપણે રાજવંશીય સામ્રાજયો હતાં જેના જનસમૂહને કોઇ રાષ્ટ્રીય ઓળખ સાંપડી ન હતી; અને 1991 સુધી રશિયન સામ્રાજયની અનેક પરંપરાઓ જાળવી રાખનાર સોવિયત સંઘ અનેક દેશોનું સંગઠિત બંધારણીય રાજય હતું. આજે પણ એવા અનેક કિસ્સાઓ ટાંકી શકાય જયાં રાજયો અને રાષ્ટ્રોને એક સમાન ગણવા શકય નથી. વાસ્તવમાં બધાં રાજયોની સરકારો તેમના શાસિત પ્રદેશોને રાષ્ટ્ર તરીકે ઓળખાવે છે, પરંતુ એવાં કેટલાંક રાજયો છે જેની પ્રજા રાજય દ્વારા પ્રચારિત રાષ્ટ્રીય ઓળખનો સ્વીકાર કરતી નથી. બ્રિટનમાં ઘણાં સ્કોટ્સ અને વેલ્સને લાગે છે કે તેઓ સ્કોટ્સ કે વેલ્સના છે, બ્રિટિશ રાષ્ટ્રના નહીં, અથવા તેમની રાષ્ટ્રીયતા સ્કોટિશ-બ્રિટિશ કે વેલ્સ-બ્રિટિશ ઉભય છે. આરબ દેશોમાં ઘણાને લાગે છે કે તેઓ આરબ રાષ્ટ્રના રહેવાસી છે, ઈરાકથી મોરોક્કો અને દક્ષિણ યેમને સુધી વિસ્તરેલાં અનેક આરબ રાજયોના નહીં.

જાતિગત (બિન રાષ્ટ્રીય) ઓળખ કેટલીક પ્રજાઓ માટે એટલી બધી પ્રબળ છે કે જેને લીધે (રાજય પ્રેરિત) રાષ્ટ્રીય ઓળખ નબળી પડે છે અને વાસ્તવમાં મહત્ત્વહીન બને છે; આપણે અહીં અમેરિકાની કે આફ્રિકાની આદિવાસી પ્રજાતિઓ દર્શાવી શકીએ.

જો કે રાજયો અને રાષ્ટ્રો સમાન નથી છતાં તેઓ નિકટથી સંકળાયેલાં તો છે. એન્થની સ્મિથ (જુઓ, સ્મિથ 1991) રાષ્ટ્રોને બે ભાગમાં વિભાજિત કરે છે : એક એ જે પ્રાદેશિક પ્રજાતિઓમાંથી વિકસીને તેમની પ્રજાતિગત ઓળખોને વિસ્તારીને વિશાળ સમૂહમાં સમાવી શકયાં છે અને બીજાં એ જે અમુક રાજયોમાં વિકસ્યાં છે જયાં રાષ્ટ્રીય ઓળખની સામાન્ય સમજ રાજયમાં ઉપર ઊઠી છે અને પૂર્વ ભિન્ન પ્રજાતિઓને પોતાની અંદર સમાવી શકાઇ છે.

(605 શબ્દ)

**Q4.** નીચેના ગદ્યખંડનો ગુજરાતીમાં અનુવાદ કરો. *20*

Raman completed school when he was just eleven years old and spent two years studying in his father's college. When he was only thirteen years old, he went to Madras (which is now Chennai), to join the B.A. course at Presidency College. Besides being young for his class, Raman was also quite unimpressive in appearance and recalls, '... in the first English class that I attended, Professor E.H. Elliot addressing me, asked if I really belonged to the junior B.A. class, and I had to answer him in the affirmative.' He, however, stunned all the sceptics when he stood first in the B.A. examinations.

Seeing what a brilliant student he was, his teachers asked him to prepare for the Indian Civil Services (ICS) examination. It was a very prestigious examination and very rarely did non-Britishers get through it. Yet Raman had impressed his teachers so much that they urged him to take it up at such an early age. In spite of their student's brilliance, the plan was not to work. Raman had to undergo a medical examination before he could qualify to take the ICS test and the Civil Surgeon of Madras declared him medically unfit to travel to England ! This was the only examination that Raman failed, and he would later remark in his characteristic style about the man who disqualified him, 'I shall ever be grateful to this man,' but at that time, he simply put the attempt behind him and went on to study Physics.

**Q5.** નીચેના ગદ્યખંડનો અંગ્રેજીમાં અનુવાદ કરો. *20*

ખરીદશક્તિના સાધન તરીકે એક હાથમાંથી બીજા હાથમાં પસાર થતા નાણાને ગમે તે નામે ઓળખાવી શકાય. એનો ઉપયોગ વિનિમય કે કોઈ પ્રકારના મૂલ્યનું સ્થાન લે છે; જે પ્રક્રિયામાં એક વ્યક્તિ બીજી કોઈ વ્યક્તિ દ્વારા આપવામાં આવતી ચીજના બદલામાં તેને સમાન કિંમતની ચીજ આપવામાં મુશ્કેલી અને અસુવિધા અનુભવતી હતી. વિનિમય દ્વારા નાણું વિશાળ ઉત્પાદનના પાયામાં રહેલ શ્રમવિભાજન અને નિપુણતાને સહાય કરે છે. કાનૂન કે રિવાજ દ્વારા નિર્ધારિત નાણું ગમે તે પદાર્થનું બનેલું હોય કે ગમે તે આકારમાં હોય, પરંતુ તેનું આવશ્યક લક્ષણ એ છે કે તે વ્યાપકપણે તથા તુરંત સ્વીકાર્ય હોવું જોઇએ. આદિવાસી સમાજોમાં પશુ, શંખ, ચોખા અને ચા જેવા પદાર્થોનો ઉપયોગ થતો હતો પરંતુ અર્વાચીન

સુસભ્ય રાજ્યોમાં ધાતુ કે કાગળનો અનિવાર્યપણે ઉપયોગ થાય છે. સિક્કા કે નોટ્સના રૂપમાં એ નાણાની સામગ્રી તરીકે ઈચ્છનીય મોટાભાગનાં લક્ષણો જેવાં કે વહનશીલતા, ટકાઉપણું, ગુણવત્તામાં અને સ્વીકૃતિમાં એકવાક્યતા ધરાવે છે. ઉપયોગમાં લેવાતી મુખ્ય ધાતુઓ છે સોનું, ચાંદી, તાંબુ તથા નિકલ. વિવિધ પ્રકારની નોટો બહાર પડે છે. વિનિમયના માધ્યમ તરીકે ભૂમિકા ભજવવાની સાથે નાણું મૂલ્યના માપ તરીકે પણ સેવા આપે છે, અને એમ કરી મૂલ્યોની તુલનાને અવકાશ આપે છે. વિલંબિત અદાયગીના માપન જેવાં કે ઋણ અને મૂલ્યના સંચય માટે માનક પ્રસ્થાપિત કરે છે. ઉચ્ચસ્તરીય નાણા અને સાંકેતિક નાણા વચ્ચેનો ભેદ મહત્ત્વપૂર્ણ છે. પહેલું ઉચ્ચસ્તરીય મૂલ્ય ધરાવે છે, જેમ કે એવી ચીજવસ્તુ જેની સાથે તેના મૂલ્ય નિર્ધારણ માટે તુલના થાય. ઉચ્ચસ્તરીય નાણાનું મૂલ્ય તે માટે પ્રયોજાયેલ સામગ્રી પર આધારિત છે, પણ ચલણી નોટ જેવા સાંકેતિક નાણાનું મૂલ્ય એમાં સમાવિષ્ટ મૂલ્યને બાજુ પર મૂકી કાનૂન કે રિવાજ મુજબ બદલાય છે.

**Q6. (a) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં પ્રયોજો.** *2×5=10*

(i) દાંતે તરણું લેવું *2*

(ii) આંખો ફાડીને જોઈ રહેવું *2*

(iii) કળ વળવી *2*

(iv) ભેદ પામી જવો *2*

(v) ગરદન મારવી *2*

**(b) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.** *1×5=5*

(i) યંત્ર વગર હાથથી ચાલતો ઉદ્યોગ *1*

(ii) એકલા એકલા પોતાની સાથે વાત કરવી *1*

(iii) પોતાની જાત સાથે છેતરપિંડી *1*

(iv) ઊંચે જવાની ક્રિયા *1*

(v) જરૂર પૂરતું ઓછું ખાનાર *1*

(c) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો આપો. **5**

અનંત, બુદ્ધ, શીત, મુકત, શૌચ

(d) નીચેના શબ્દોની જોડણી સુધારો. **5**

કારકીર્દી, ઝીંદાદિલિ, પરીણિત, હુંડીયામણ, અનૂભુતી

(e) નીચેના શબ્દોના પર્યાયવાચી શબ્દ આપો. **5**

દાંત, બ્રાહ્મણ, પત્ની, નદી, મિત્ર

(f) નીચેની કહેવતોના અર્થ આપો. ***2×5=10***

(i) ચોર કોટવાળને દંડે *2*

(ii) બાવાના બેય બગડવાં *2*

(iii) દોરડી બળે પણ વળ ન છોડે *2*

(iv) સાપને ઘેર પરોણો સાપ *2*

(v) હોઠ સાજા તો ઉત્તર ઝાઝા *2*